# :: પ્રેસનોટ ::

## આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત "અલુણાવ્રત ઉજવણી નિમિત્તે મહેંદી અને ગોરમાગીત સ્પર્ધા"

વિષય : આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાનાર મહેંદી અને ગોરમાગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત "અલુણાવ્રત ઉજવણી નિમિત્તે નીચે મુજબની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે.

| ક્રમ | તારીખ/વાર | સમય | સ્પર્ધા | વિભાગ | સ્થળ | પ્રવેશફોર્મ સ્વીકારવાની અંતિમ તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૦૮/૦૭/૨૦૨૨ શુક્રવાર | બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ કલાક | મહેંદી સ્પર્ધા | પ્રાથમિક (ધો.૪ થી ૮) | કતારગામ કોમ્યુનિટી હોલ, વસ્તાદેવડી રોડ, સુરત | ૦૫/૦૭/૨૦૨૨ મંગળવાર |
| | | | | માધ્યમિક (ધો.૯ થી ૧૨) | | |
| ૨ | | બપોરે ૨.૦૦ થી ૩.૦૦ કલાક | | ખુલ્લો વિભાગ (૧૮ થી ૪૦ વર્ષ) | | |
| ૩ | ૧૨/૦૭/૨૦૨૨ મંગળવાર | સવારે ૧૧.૦૦ કલાકે | ગોરમાગીત સ્પર્ધા | પ્રાથમિક (ધો.૪ થી ૮) | પરફોર્મિંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી, અડાજણ, સુરત | ૦૮/૦૭/૨૦૨૨ શુક્રવાર |

મહેંદી સ્પર્ધામાં સુરત શહેરની પ્રાથમિક અને માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ તથા ખુલ્લા વિભાગમાં ૧૮ થી ૪૦ વર્ષની સુરત શહેરની મહિલાઓ ભાગ લઈ શકશે. પ્રાથમિક અને માધ્યમિક વિભાગની શાળાઓએ મહેંદી સ્પર્ધાના પ્રવેશપત્રો શાળા મારફત જ સાંસ્કૃતિક વિભાગમાં મોકલવાના રહેશે.

ગોરમાગીત સ્પર્ધામાં શહેરની પ્રાથમિક શાળાઓની વિદ્યાર્થીનીઓ/કન્યાઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં. ૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ અથવા અન્ય ઉંમરના પુરાવાની સર્ટીફાઈડ કોપી સહિત પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news તથા mysurat.in વેબસાઈટ પરથી પણ સ્પર્ધામાં ભાગ લેવા બાબતની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશ ફોર્મ મળી શકશે.

સમાચારયાદી નં.૧૨૦, તા.૨૭/૦૬/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# સુરત મહાનગરપાલિકા
## ગોરમાગીત સ્પર્ધાનું પ્રવેશપત્ર
## (પ્રાથમિક વિભાગ–ધો.૪ થી ૮)

૧. શાળાનું નામ અને સરનામું :–

૨. શાળા/સંસ્થાના હોદ્દેદારો કે જવાબદાર વ્યકિતનું નામ–સરનામું (ફોન નંબર–મોબાઈલ નંબર સહિત) :–

૩. સ્પર્ધામાં ભાગ લેનારની વિગત

| ક્રમ | સ્પર્ધકોના નામ | જન્મતારીખ | ધોરણ |
|---|---|---|---|
| ૧. | | | |
| ૨. | | | |
| ૩. | | | |
| ૪. | | | |
| ૫. | | | |
| ૬. | | | |

૪. હરિફાઈ માટે પસંદ કરેલ કૃતિની વિગત :–
(કૃતિની ૨ નકલ અલગ કાગળમાં રજુ કરવાની રહેશે.)

૫. સાથ સંગત સાથેના વાદ્યનું નામ :–

ગોરમાગીત સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રવેશફોર્મ સાથે સામેલ નિયમો અમે વાંચ્યા છે, અને તે અમને કબુલમંજુર અને બંધનકર્તા રહેશે. ઉપર જણાવેલી જન્મ તારીખ શાળાના રજીસ્ટર મુજબ સાચી છે અને સ્પર્ધાના નિયમને આધિન છે.

તા. / /૨૦૨૨.

......................................
આચાર્યના સહી/સિક્કા.

# સુરત મહાનગરપાલિકા
## ગોરમાગીત સ્પર્ધાના નિયમો
## (પ્રાથમિક વિભાગ–ધો.૪ થી ૮)

"આઝાદી કા અમૃત મહોત્સવ" અને અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૨/૦૭/૨૦૨૨ને મંગળવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ગોરમાગીત સ્પર્ધાનું આયોજન પરફોર્મિંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ છે.

૧. આ સ્પર્ધામાં સુરત શહેર હદ વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાઓની ધો.૪ થી ૮માં અભ્યાસ કરતી ૯ થી ૧૩ વર્ષની વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે.

૨. એક શાળામાંથી ૬ (છ) વિદ્યાર્થીનીઓનું એક જ ગાયક વૃંદ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. ગીત વ્યકિત્તગત રીતે રજુ નહિં કરતાં સમુહમાં રજુ કરવાનું રહેશે.

૩. તા.૦૧/૦૭/૨૦૨૨ના રોજ થતી ઉંમર મુજબ હરીફોની ઉંમર ધ્યાનમાં લેવામાં આવશે. હરીફોની ઉંમરના પુરાવા તરીકે પ્રવેશ ફોર્મમાં શાળાના આચાર્યશ્રીએ ઉંમર અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૪. પ્રવેશ ફોર્મ સાથે પસંદ કરેલ ગીતની કૃતિ શાળાના લેટરપેડ પર જ આચાર્યશ્રીના સહી સિક્કા સહિત બે નકલમાં સામેલ કરવાની રહેશે.

૫. ગોરમાના ગીત સિવાયના ગીતની કૃતિ હશે, તો તે શાળા સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહી.

૬. ગીતની કૃતિ ગુજરાતી અથવા હિંદી ભાષામાં હોવી જોઈએ. **કૃતિની સમય મર્યાદા ૫(પાંચ) મીનીટની રહેશે.**

૭. સાથ સંગતમાં વધુમાં વધુ ચાર વાજીંત્રોનો ઉપયોગ કરી શકાશે. વાજીંત્ર વગરની કૃતિ રદબાતલ ગણાશે.

૮. સ્પર્ધામાં ભાગ લેનાર હરિફોએ સ્પર્ધાના સ્થળે પોતાના ખર્ચે નકકી કરેલા સમયે હાજર થવાનું રહેશે. મોડા આવનાર સ્પર્ધકોને સ્પર્ધામાં પ્રવેશ આપવામાં આવશે નહિ.

૯. સ્પર્ધા અંગે નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી ગણાશે, જે અંગે કોઈ વાદ વિવાદ કે તકરાર ચાલશે નહિં.

૧૦. સ્પર્ધા અંગેની તમામ બાબતોમાં મ્યુનિ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને તે તમામને માટે બંધનકર્તા રહેશે.

Sd/-xxx
આસી.મ્યુનિ.કમિશનર અને
ઈ.ચા.ડે.મ્યુનિ.કમિશનર

**નોંધ :** ભરેલા પ્રવેશપત્રો સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતે **તા.૦૮/૦૭/૨૦૨૨ સુધી સ્વીકારવામાં આવશે.** ત્યારબાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. સ્પર્ધકે સ્પર્ધા સ્થળ પરફોર્મિંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી, અડાજણ, **સુરત** ખાતે હાજર થવાનું રહેશે. વધુ માહિતી માટે સાંસ્કૃતિક વિભાગ ટે.નં.૨૪૨૩૭૫૧–૨૭૯નો સંપર્ક કરવો.